મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું

સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 61 ■ પુસ્તક: ૧૯૭ ■ અંક: ૩૯ ■ માઘ વદ - 30
■ વિક્રમ સંવત ૨૦૭૪ ■ મુંબઈ ■ (૧૨ + ૮ પાનાં લાડકી) કિંમત ₹ ૭.00 ★

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

ગુરુવાર, ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 15 February 2018, Thursday ■ REGD.No. MCS/058/2018-20

# પંજાબ નેશનલ બૅંક સાથે ₹ ૧૧,૪૦૦ કરોડની છેતરપિંડી







**ભાવિના એંધાણ** પંજાબ નેશનલ બૅન્કની ફોર્ટની શાખામાં રૂ. ૧૧,૪૦૦ કરોડથી પણ મોટું કૌભાંડ થયાનું બહાર આવ્યું છે. (અમય ખરાડે)



▶ હીરાના અબજોપતિ વ્યાપારી નીરવ મોદી અને જ્વેલરી કંપની સામે સીબીઆઈમાં ફરિયાદ

▶ મુંબઈની બ્રાન્ચમાં કારનામું

*નવી દિલ્હી:* હીરાના અબજોપતિ વ્યાપારી નીરવ મોદી અને જ્વેલરીની એક કંપની સામે પંજાબ નેશનલ બૅંકે (પીએનબીએ) સીબીઆઈ (કેન્દ્રીય ગુપ્તચર બ્યુરો)માં બે ફરિયાદ નોંધાવી છે. પીએનબીએ એવો આક્ષેપ કર્યો છે કે આ બંનેએ રૂ. ૧૧,૪૦૦ કરોડની છેતરપિંડી કરી છે, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

જોકે, પીએનબીમાં રૂ. ૧૧,૪૦૦ કરોડ કરતાં વધુ કૌભાંડ રચાયું હોવાની જાણ થતાંની સાથે જ નાણાં ખાતાએ આ કેસને સંડોવતા અથવા તો આના જેવાં જ કોઈ બનાવ હોય તો તેની જાણ આ અઠવાડિયાના અંતભાગ સુધી કરવાની દરેક બૅંકને સૂચના આપી છે.

વૈશ્વિક સેલિબ્રિટીઓમાં મોદીની જ્વેલરીની ખૂબ જ બોલબાલા છે. તેમની સામે સીબીઆઈ નવેસરથી તપાસ યોજે એવી શક્યતા છે. સીબીઆઈ આ કેસમાં તેમની સામે યોગ્ય પગલાં લેવા માગે છે.

પીએનબીની એક બ્રાંચ સાથે રૂ. ૨૮૦ કરોડની ચીટિંગ અને

(જુઓ પાનું ૬) ▶▶

## ગીતાંજલિ, ગિની અને નક્ષત્ર પર છે નિગરાની

*નવી દિલ્હી:* પંજાબ નેશનલ બૅન્ક (પીએનબી)માંના રૂપિયા ૧૧,૪૦૦ કરોડના કૌભાંડને પગલે ચાર મોટા જ્વેલર્સ - ગીતાંજલિ, ગિની, નક્ષત્ર અને નીરવ મોદી પર સીબીઆઇ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ નજર રાખી રહ્યા હોવાનું કહેવાય છે.બન્ને તપાસ એજન્સી મોટા જ્વેલર્સની વિવિધ બૅન્ક સાથેની લેવડદેવડની તપાસ કરતી હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે.

પંજાબ નેશનલ બૅન્કે નિવેદનમાં જણાવ્યું હતું કે અમારી બૅન્કની મુંબઈમાંની એક શાખામાંથી અમુક ચોક્કસ ખાતેદારોના લાભાર્થે છેતરપિંડીથી લેવડદેવડ થઇ હતી.

અગાઉ, બૅન્ક ઑફ બરોડા સાથે ૨૦૧૫માં દિલ્હીના બે વ્યાપારીએ રૂપિયા ૬,૦૦૦ કરોડની છેતરપિંડી કરી હતી. (પીટીઆઇ) ■

પીએનબીનો શેર પછડાયો, ₹ ૩,૮૪૪ કરોડ ધોવાયા ૫

## પંજાબ નેશનલ બૅંકના દસ અધિકારી સસ્પેન્ડ

*નવી દિલ્હી:* જ્વેલરી ડિઝાઇનર નીરવ મોદી દ્વારા પંજાબ નેશનલ બૅન્ક સાથે કરાયેલી કહેવાતી રૂપિયા ૨૮૦.૭૦ કરોડની છેતરપિંડીના સંબંધમાં આ બૅન્કે બુધવારે પોતાના ૧૦ અધિકારીને સસ્પેન્ડ કર્યા હતા.

નાણાકીય સેવા વિભાગના સચિવ રાજીવ કુમારે જણાવ્યું હતું કે બૅન્કના સસ્પેન્ડ કરાયેલા બધા અધિકારી એક જ શાખાના છે. નૉન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ)-વિરોધી પગલાંના ભાગરૂપે આ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા હતા.

તેમણે જણાવ્યું હતું કે સરકારે બધી બૅન્કોને પોતાની એનપીએ ઘટાડવા સૂચના આપી છે અને તેને લીધે કરજ લેનારા પ્રામાણિક લોકોને લાભ થશે.

સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ નીરવ મોદી, તેના ભાઇ નિશાલ મોદી અને પંજાબ નેશનલ બૅન્કના અમુક અધિકાર સામે સોમવારે આરોપ નોંધ્યા હતા.

આવકવેરા વિભાગે સુરત, દિલ્હી અને જયપુરમાં આવેલી જ્વેલરી ડિઝાઇનર મોદીની ઑફિસો પર દરોડા પાડ્યા તે પછી આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. (પીટીઆઇ) ■

### 'મુસ્લિમ જવાન શહીદ થયા'ની ટિપ્પણી

## ઓવૈસીને ઝાટક્યા લશ્કરે

### ...કહ્યું કે સૈન્ય શહીદોમાં ધર્મનો ભેદભાવ નથી કરતી

*જમ્મુ:* મુસ્લિમ શહીદની ટિપ્પણી પર લશ્કરે અસદુદ્દીન ઔવેસીની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે શહીદને ધર્મના ઝઘડામાં ન ઢસડો.

હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઔવેસીએ અગાઉ એવી ટિપ્પણી કરી હતી કે સંજવાનમાં આર્મી કેમ્પ પર થયેલા ત્રાસવાદી હુમલામાં મુસ્લિમ જવાન શહીદ થયો ત્યારે મુસ્લિમોની દેશભક્તિ વિશે પ્રશ્નો કરનાર કે ચૂપ બેઠાં છે.

ઉત્તર કમાનના જીઓસી ઇનચાર્જ લેફ. જનરલ દેવરાજ અન્બુએ ઔવેસીનું નામ ન લેતા જણાવ્યું હતું કે અમે શહીદોમાં ધર્મનો ભેદભાવ નથી કરતા અને જે લોકો કરે છે, તેઓ આર્મીને સારી રીતે ઓળખતા નથી.

ઔવેસીએ એવો સવાલ કર્યો હતો કે શનિવારના હુમલામાં શહીદ થનાર સાતમાંથી પાંચ સૈનિકો કાશ્મીરી મુસ્લિમ હતા. હવે એમની શહાદત પર બધા જ ચૂપ છે. શા માટે આ મુદ્દે બધા ચૂપ છે?

અન્બુએ વધુમાં જણાવ્યું હતું કે યુવાનો ત્રાસવાદ તરફ વળી રહ્યા છે એ કાશ્મીરમાં ચિંતાનો વિષય છે. આ માટે મહદ્અંશે સોશિયલ મીડિયા જવાબદાર છે. સોશિયલ મીડિયા પર અલગતાવાદી વિચારોને મોટે પાયે પ્રચાર કરવામાં આવે છે. મને લાગે છે કે આ સમય આ મુદ્દા પર ગંભીરતાથી ધ્યાન આપવાનો છે.

જે લોકો ત્રાસવાદમાં જોડાય છે અને જે લોકો એને ટેકો આપે છે એમણે સમજવું જોઇએ કે આનાથી કોઇને લાભ નથી અને સામાન્ય લોકોનું જીવન દુષ્કર થઇ રહ્યું છે.

એમણે એવી માહિતી પણ આપી હતી કે જ્યાં સુધી ત્રાસવાદનો સવાલ છે, તો એમના આકાઓને

(જુઓ પાનું ૬) ▶▶

## સઇદ સામે પાકની અંતે કાર્યવાહી

### આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ તેની મદરેસાઓ અને દવાખાના કબજામાં લેવાયા

*ઇસ્લામાબાદ:* મુંબઈ પરના ૨૦૦૮ના ત્રાસવાદી હુમલાના સૂત્રધાર હાફિઝ સઇદ દ્વારા સંચાલિત મદરેસાઓ અને દવાખાના સામે પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની ટીમ પ્રતિબંધિત સંગઠનો અને વ્યક્તિઓ સામેની પાકિસ્તાન સરકારની કાર્યવાહીની સમીક્ષા કરવા ગયા મહિને અહીં આવી હતી.

પાકિસ્તાનની પંજાબ સરકારના આદેશને પગલે રાવલપિંડીના જિલ્લા વહીવટીતંત્રે હાફિઝ સઇદ સાથે સંકળાયેલા જમાત-ઉદ-દાવા અને ફલાહ-એ-ઇન્સાનિયત ફાઉન્ડેશનની એક મદરેસા અને ચાર દવાખાનાનો કબજો લઇ લીધો હતો.

તાબામાં લેવાયેલી મદરેસા ધાર્મિક મિલકતનું નિયંત્રણ સંભાળતા ઔકાફ વિભાગને સોંપવામાં આવી હતી. પ્રાંતીય સરકારે ઔકાફ વિભાગને આ મદરેસાનો કબજો લેવાનો ગયા શુક્રવારે હુકમ કર્યો હતો. જિલ્લાના એક વરિષ્ઠ

(જુઓ પાનું ૬) ▶▶

### ગ્લોબલ ટેરરિસ્ટ ફાઇનાન્શિયલ લિસ્ટમાં પાકને મૂકો: અમેરિકા

*વૉશિંગ્ટન:* અમેરિકાએ ઇસ્લામાબાદ પર સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિના અલ-કાઇદા અને તેના સંગઠનો સહિતના ત્રાસવાદી જૂથો સામે કાર્યવાહી કરવાના ઠરાવનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ કરીને ગ્લોબલ ટેરરિસ્ટ ફાઇનાન્શિયલ વૉચ લિસ્ટમાં પાકિસ્તાનનો સમાવેશ કરવા એફએટીએફનો સંપર્ક કર્યો હોવાનું વિદેશ ખાતાના ટોચના અધિકારીએ જણાવ્યું હતું.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૦૧૮માં પહેલાં ટ્વીટમાં પાકિસ્તાન પર એક તરફ ત્રાસવાદીઓને પનાહ આપવાની અને બીજી તરફ અમેરિકાના નેતાઓ સાથે છેતરપિંડી કરવાનો આક્ષેપ કર્યો હતો.

ગયા વર્ષના ઑગસ્ટ મહિનામાં દક્ષિણ એશિયા માટેની

(જુઓ પાનું ૬) ▶▶



## પ્રિયા પ્રકાશ વૉરિયર બની સોશિયલ મીડિયા સેન્સેશન

વેલેન્ટાઇન સપ્તાહ શરૂ થવા પહેલાં જ મલયાલમ ફિલ્મ નઓરુ અદાર લવથના ગીતને સોશિયલ મીડિયા પર રીલિઝ થયું ત્યાં જ તેમાં મારકણી આંખો મારતી અને કાતિલ સ્માઇલ આપતી પ્રિયા પ્રકાશ વૉરિયર અત્યારે તો એક સેન્સેશન બની ગઇ છે. ૧૮ વર્ષની પ્રિયાના રાતોરાત ૨૯ લાખ ફોલોઅર થઇ ગયા છે ઇન્સ્ટાગ્રામ પર. યૂટ્યૂબ પર ૩૩ લાખથી વધુ લોકો ગીતનું ટીઝર જોઇ ચૂક્યા છે. પ્રિયા તો ગાંડીગાંડી થઇ ગઇ છે અને કહે છે કે મને તો ખબર જ નથી કે હું શું બોલું...મેં તો એ જ કર્યું જે મને કરવાનું કહેવાયું હતું...એ આટલું હિટ થઇ જશે એ કલ્પના બહારની વાત છે.

## ...ને ફેમસ પ્રિયા સામે થઇ પોલીસ ફરિયાદ

### ▶ મુસ્લિમો એ વાંધાજનક ગીતથી છે નારાજ

*હૈદરાબાદ:* અહીંના એક મુસ્લિમ સંગઠને મલયાલમ ફિલ્મ નઓડુ અદાર લવથના સોશિયલ મીડિયા પર લોકપ્રિય બનેલા ગીત નમણિક્યા માલારાયા પૂવીથની અભિનેત્રી પ્રિયા પ્રકાશ વૉરિયરના હાવભાવથી અને આ ગીતના શબ્દોથી ધાર્મિક લાગણી દુભાતી હોવાનો આક્ષેપ કરીને શહેરના ફાલાક્નુમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ઇરાદાપૂર્વક ધાર્મિક લાગણી દુભાવવાને લગતી ભારતીય દંડસંહિતાની કલમ ૨૯૫ હેઠળ કેસ નોંધ્યો હતો.

ફરિયાદી મુસ્લિમ જૂથે દાવો કર્યો હતો કે આ ગીતના શબ્દો પયગમ્બરના જીવન સાથે સંકળાયેલા છે.

આ મલયાલમ ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થવાની છે.

પોલીસ સ્ટેશને કરાયેલી ફરિયાદમાં ઓછામાં ઓછા ૫૭ ફરિયાદીના નામ, ટેલિફોન નંબર અને સરનામા તેમ જ સહી છે.

હૈદરાબાદમાં પોલીસ ફરિયાદ કરનારા ઇજનેરીના વિદ્યાર્થી મહંમદ અબ્દુલે જણાવ્યું હતું કે અભિનેત્રીના રૉમેન્ટિક ગીતમાં પયગમ્બરની સાથે સંકળાયેલા શબ્દો હોય તો તે સ્વીકારી ન શકાય.

પોલીસે દિગ્દર્શક ઓમર લાલુ અને અન્ય સામે પણ કેસ નોંધ્યો હતો.

ફાલાક્નુમા પોલીસ સ્ટેશનના એસીપી

(જુઓ પાનું ૬) ▶▶

## પ્રવાસીને બૉર્ડિંગનો ઇનકાર કરાય તો ઍરલાઇન્સે વળતર ચૂકવવું પડે

*નવી દિલ્હી:* ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ)એ દિલ્હી વડી અદાલતમાં ખુલાસો કર્યો હતો કે અમે ફ્લાઇટ્સના ઑવરબૂકિંગને પરવાનગી નથી આપતા અને જો કન્ફર્મ્ડ ટિકિટવાળા પ્રવાસીને બૉર્ડિંગનો ઇનકાર કરાય તો ઍરલાઇન્સે વળતર ચૂકવવું પડે.ઍર ઇન્ડિયાએ પણ વડી અદાલતને જણાવ્યું હતું કે કન્ફર્મ્ડ ટિકિટવાળા પ્રવાસીને બૉર્ડિંગનો ઇનકાર કરાય તો તેને ઍરલાઇન્સની સેવામાંની ખામી ગણાય અને મુસાફર એક ગ્રાહક તરીકે વળતર મેળવવા હકદાર છે.ઍર ઇન્ડિયા અને ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશનનો સંબંધિત સમાન અભિપ્રાય જાણ્યા બાદ ન્યાયમૂર્તિ વિભૂ બાખરુએ જણાવ્યું હતું કે મુલકી ઉડ્ડયન ક્ષેત્રના નિયામકને આ કિસ્સામાં સિવિલ ઍવિયૅશન રૅગ્યુલૅશન્સ બહાર પાડવાની સત્તા છે કે નહિ તે અંગે સુનાવણી કરવાની હવે જરૂર નથી લાગતી.અગાઉ, અરજદારે આક્ષેપ કર્યો હતો કે સિવિલ ઍવિયૅશન રૅગ્યુલૅશન્સમાં ફ્લાઇટ્સના ઑવરબૂકિંગની પરવાનગી આપતી જોગવાઇ છે.

ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશને ૨૦૧૦માં સિવિલ ઍવિયૅશન

(જુઓ પાનું ૬) ▶▶

## બાટલા હાઉસ એન્કાઉન્ટર પછી ફરાર આઇએમનો આતંકવાદી પકડાયો

*નવી દિલ્હી:* દિલ્હી પોલીસની સ્પેશિયલ શાખાએ બાટલા હાઉસ એનકાઉન્ટર બાદ ૨૦૦૮થી ભાગતાફરતા ઇન્ડિયન મુજાહિદીન (આઇએમ)ના ત્રાસવાદી અઝીઝ ખાનની ધરપકડ કરી હતી. દિલ્હીના જામિયા નગરમાં ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮ને દિવસે થયેલા એનકાઉન્ટરમાં ઇન્ડિયન મુજાહિદીનના બે ત્રાસવાદી ઠાર મરાયા હતા અને બે પકડાયા હતા, એ વખતે અઝીઝ બાટલા હાઉસમાં હાજર હતો, પણ એ પોલીસને હાથતાળી આપીને છટકવામાં સફળ રહ્યો હતો. એ વખતે એનકાઉન્ટર સ્પેશિયાલિસ્ટ ઇન્સ્પેક્ટર મોહનચંદ શર્માએ એનકાઉન્ટરની આગેવાની કરી હતી અને તેઓ પણ ગોળીબારમાં શહીદ થયા હતા. ટ્રાયલ કોર્ટે ૨૦૧૩માં આઇએમના ત્રાસવાદી શાહઝાદ અહમદને ઉપરોક્ત કેસમાં આજીવન કારાવાસની સજા ફટકારી હતી.ચુકાદાની એની અપીલ હાઇ કોર્ટ સમક્ષ વિચારાધીન છે. (પીટીઆઇ)■

## દક્ષિણ આફ્રિકામાં ગુપ્તાબંધુઓના ઘર, કંપની પર પોલીસના દરોડા

### ઝુમાની રાજીનામું આપવાની ના

*જોહાનિસબર્ગ:* દક્ષિણ આફ્રિકાની શાસક આફ્રિકન નેશનલ કૉંગ્રેસે જેકબ ઝુમાને પ્રમુખપદેથી રાજીનામું આપવા આદેશ આપ્યો તેના પછીના દિવસે બુધવારે સ્પેશિયાલિસ્ટ હૉક પોલીસ યુનિટે ગુપ્તાબંધુઓના વૈભવશાળી ઘર અને કંપની પર દરોડા પાડ્યા હતા. બીજી તરફ ઝુમાએ રાજીનામું આપવાની ઘસીને ના પાડી દીધી હતી અને એ ખાસ ઉલ્લખનીય છે કે રાજીનામું આપવા માટે તેમને બુધવાર સાંજ સુધીની જ મહેતલ અપાઇ હતી. તેમના પક્ષે ઝુમાને સ્પષ્ટ કહ્યું હતું કે રાજીનામું આપો અથવા તો સંસદમાં અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરો. ત્રણે ગુપ્તાબંધુ સામે ભ્રષ્ટાચારની તપાસ ચાલી

(જુઓ પાનું ૬) ▶▶

સ્માર્ટ બિઝનેસ મેટ્રો જંક્શન

### ૨૦૧૮માં નોકરી-રોજગારીની તકો ૧૦-૧૫ ટકા વધી શકે છે




### વાંચો આજના અંકમાં

૨૦૧૭માં એફપીઆઈ કરતાં ડૉમેસ્ટિક ઈન્વેસ્ટરોનું વધુ રોકાણ

મુદત પૂર્વે પીપીએફ એકાઉન્ટ બંધ કરવાની છૂટનો નાણાં મંત્રાલયનો પ્રસ્તાવ

'કાર્ટેલ' રચનાર છ અગ્રણી સિમેન્ટ કંપની પર છે સીસીઆઇની નજર

### મહિલા કિસાનોનું શું?



નવું આર્થિક અખબાર 'મેટ્રો જંક્શન' મુંબઈ સમાચાર જૂથનું જ છે. જોકે, આ અખબાર 'મુંબઈ સમાચાર'થી અલગ રૂ. ૪ની કિંમતે અપાશે. આ અખબાર મગાવવા માટે વાચકોએ ફેરિયાને જાણ કરવાની રહેશે. 'મેટ્રો જંક્શન' મેળવવામાં વાચકોને જો કોઈ મુશ્કેલી પડે તો તેઓ ૨૨૦૪૫૫૩૧-૩૨-૩૩ (એક્સ્ટેન્શન-૩૫) પર સંપર્ક સાધી શકે છે.

-વ્યવસ્થાપક

આવતી કાલે વાંચો 'સીધું ને સટ' જયેશ ચિતલિયાની કલમે